


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

Volume : 18
Issue : 150
Dt.: 10-02-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### પરીક્ષા પે ચર્ચામાં વડાપ્રધાન મોદીની સલાહ

# મોબાઈલ-ટીવીના ગુલામ ના બનશો, AIને પૂછો કે સારા પુસ્તક ક્યાં મળશે

## આજના એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોઈમ્બતુર, તમિલનાડુ, રાયપુર, ગુજરાત અને ગુવાહાટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, બોર્ડ પરીક્ષાઓની તૈયારી કરી રહેલા લાખો વિદ્યાર્થીઓ માટે "પરીક્ષા પે ચર્ચા ૨૦૨૬" નો બીજો એપિસોડ રિલીઝ કરવામાં આવ્યો છે. આજના એપિસોડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોઈમ્બતુર, તમિલનાડુ, રાયપુર, ગુજરાત અને ગુવાહાટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. વર્તમાન સમયમાં બાળકોને મોબાઈલ અને ટીવી વગર બિલકુલ ચાલતું નથી. ઘણા બાળકો આખા દિવસ દરમિયાન અનેક કલાકો સુધી મોબાઈલ પર રહેતા હોય છે. ઘણા એવા પણ હોય છે, જેમને મોબાઈલ વગર જમવાનું ગળે ઉતરતું નથી. એકતરફ ટેકનોલોજી અને ગેજેટનો દુરુપયોગ અને સદઉપયોગ વધી ગયો છો, તો બીજીતરફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની પણ બોલબાલા વધી ગઈ છે, ત્યારે આધુનિક યુગમાં સૌથી મોટો પડકાર એટલે કે 'ટેકનોલોજી અને એઆઈ' વિષય પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૬' બીજા સંસ્કરણમાં વિદ્યાર્થીઓને મોબાઈલ-ટીવીના ગુલામ ન બનવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો યોગ્ય ઉપોગ કરવાની સલાહ આપી છે. તેમણે કહ્યું છે કે, આજના સમયમાં મોબાઈલ અને ગેઝેટ્સ ધીમે ધીમે બાળકોના માલિક બની રહ્યા છે. તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે, ઘણા વિદ્યાર્થીઓ હવે મોબાઈલ વગર જમવાનું જમતા નથી અને ટીવી વિના જીવી શકતા નથી, જે સ્પષ્ટ ટેકનોલોજીના ગુલામ બની ગયા હોવાના સંકેત છે.

તેમણે ચેતવણી આપી છે કે, 'ટેકનોલોજીનો ઉપયોગ આપણી સુવિધા માટે થવો જોઈએ, નહીં કે વ્યક્તિના માનસિક અને વ્યક્તિગત વિકાસને રોકવા માટે. એઆઈના કારણે ઉભા થયેલા ડર અને તેનાથી ભવિષ્યના કેરિયર પર થતી અસર મામલે વિદ્યાર્થીઓને નિર્ણાયક બનવાની જરૂર છે. નવી ટેકનોલોજી દરેક યુગમાં ચર્ચા જગાવતી હોય છે અને ડર પણ ઉભો કરતી હોય છે, જોકે તેની સામે માનવીનું મગજ સૌથી ટોચ પર રહેશે.'

કોઈમ્બતુરના વિદ્યાર્થી આદિ વિક્રમના સવાલનો જવાબ આપતા વડાપ્રધાને કહ્યું કે, 'એઆઈના વધતા પ્રભાવથી ગભરાવાની જરૂર નથી. જો તમે સારી પુસ્કરો શોધવા માટે અથવા કોઈ વિષય પર માર્ગદર્શન મેળવવા માટે AIનો ઉપયોગ કરશો તો, તે તમારી પ્રગતિમાં મદદ કરશે. પરંતુ જો તમે AIને 'હું નહીં વાંચુ, મને એઆઈ જ કહે કે, પુસ્કરની અંદર શું છે' જેવા પ્રશ્નો કરશો તો તમારી બૌદ્ધિક ક્ષમતાઓને નુકસાન થશે. ટેકનોલોજીને આપણી બુદ્ધિનો વિકલ્પ ન બનવા દેવો જોઈએ.'

વડાપ્રધાન મોદીએ ગુજરાતના દેવ મોગરા ખાતે આદિવાસી બાળકો સાથે મુલાકાત કરી હતી. એક વિદ્યાર્થીએ કહ્યું કે તેમના માતાપિતાએ તેમને કહ્યું કે તેમણે રાજયના આદિવાસી વિસ્તારોના વિકાસ માટે ઘણું કર્યું છે. જેની પ્રેરણા ક્યાંથી મળી. જેના જવાબમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે તેમણે પીએમ જનમન યોજના શરૂ કરી છે. આદિવાસી સમુદાયમાં ઘણા એવા લોકો છે જે ખૂબ જ પાછળ છે. તેમના માટે એક અલગ યોજના બનાવવામાં આવી છે. તેઓ હંમેશા માનતા હતા કે શિક્ષણ પર વધુ ભાર આપવાની જરૂર છે. આપણે જેટલું તેના પર ભાર મૂકીશું, તેટલો ઝડપી વિકાસ થશે.

વિકાસ માટે ઘણી બધી માળખાગત સુવિધાઓની જરૂર છે. વડાપ્રધાનને પૂછવામાં આવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન તમે તમારા તણાવને કેવી રીતે મેનેજ કર્યો? જવાબમાં તેમણે કહ્યું કે પરીક્ષાના દબાણને કારણે આપણે ઘણીવાર ગભરાઈ જઈએ છીએ. પીએમએ કહ્યું કે તમે તમારી જૂની પરીક્ષાના દિવસોને યાદ કરો. પરીક્ષા પહેલા હંમેશા તણાવ રહેતો હતો, પરંતુ પરીક્ષા પછી તે દૂર થઈ જશે. પરીક્ષા માટે સૌથી મહત્વની બાબત એ છે કે તમે પેપર સોલ્વ કરવાની ટેવ વિકસાવો. જો તમે દરરોજ તૈયારી કરો છો, તો તમને ચોક્કસપણે તણાવ નહીં આવે. સારી ઊંઘ લેવી મહત્વપૂર્ણ છે. ફક્ત સફળતાથી પ્રભાવિત ન થાઓ. મહાન લોકોની સાધારણ શરૂઆતથી શીખો.

પીએમ મોદીએ સમજાવ્યું કે આ વખતે તેમણે દેશના વિવિધ ભાગોના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. તેઓ વિદ્યાર્થીઓની ઉર્જાથી ખૂબ પ્રભાવિત થયા. બાળકોએ પીએમ મોદીને ખૂબ જ સરળ અને સરળ ગણાવ્યા હતા. વિદ્યાર્થીઓને સંબોધતા પીએમએ કહ્યું કે તેઓ ઘણા વર્ષોથી ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી રહ્યા છે. "હું તેમની સાથે શીખવા માટે વાર્તાલાપ કરું છું. મારા માટે આ એક શીખવાનો કાર્યક્રમ છે, શીખવાડવાનો નહીં. તેઓ કંઈક શીખવા માટે તમિલનાડુના કોઈમ્બતુરના યુવાનો સાથે મુલાકાત કરી રહ્યા છે. શરૂઆતમાં, એક વિદ્યાર્થીએ પૂછ્યું કે જો તે સ્ટાર્ટઅપ શરૂ કરવા માંગતી હોય તો તેને શૈક્ષણિક સ્તરે શું કરવાની જરૂર છે.

જેથી તેણીને તેના સ્ટાર્ટઅપમાં મદદ મળી શકે. આ માટે પીએમએ કહ્યું કે તમારું ધ્યાન તમે શું કરવા માંગો છો તેના પર હોવું જોઈએ. તેમણે કહ્યું કે સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે ૨૫ વર્ષની ઉંમર જરૂરી નથી. તમે તે ગમે ત્યારે કરી શકો છો. તેમણે સ્ટાર્ટઅપ ચલાવતા કોઈને મળવાનું અને તેમને જણાવો કે પ્રોજેક્ટ રિપોર્ટ લખવાનો છે. હું સ્કૂલમાંથી છું, તેથી તેઓ કંઈપણ છુપાવશે નહીં."

બીજા વિદ્યાર્થીએ કહ્યું કે તેમને ડર હતો કે જો તેઓ તેમના અભ્યાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે, તો તેઓ તેમનું પેશન ગુમાવી દેશે અને જો પેશન પર ધ્યાન આપશે તો તેઓ તેમનો અભ્યાસ ચૂકી જશે. તો બંન્ને વચ્ચે સંતુલન કેવી રીતે રાખવું. જેના પર પીએમએ કહ્યું કે બંને ઉપયોગી છે. તેમણે સૂચન કર્યું કે જો તમને કલામાં રસ છે અને તમે સાયન્સનો કોઈ વિષય ભણી રહ્યા છો તો તમે કાગળ પર પેઈન્ટિંગ પર લેબ બનાવો. દરેક બોટલ પર કેમિકલનું નામ લખો. પછી બીજું ચિત્ર બનાવો અને આ રીતે તમે તમારું કલા કાર્ય પૂર્ણ કરી શકશો અને પ્રકરણ યાદ રાખી શકશો. કલા તમને થાક દૂર કરવામાં પણ મદદ કરે છે.

બીજા વિદ્યાર્થીએ પૂછ્યું કે આપણો દેશ પણ ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશોમાં સામેલ થવા જઈ રહ્યો છે અને યુવાનો આ પ્રાપ્ત કરવા માટે શું કરી શકે છે? પીએમએ કહ્યું, "મને ખુશી છે કે મારા દેશના ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ પણ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન જુએ છે. આ મારા માટે ખૂબ જ આનંદની વાત છે. તમે સિંગાપોર વિશે સાંભળ્યું હશે. તે એક સમયે એક નાનું માછીમારોનું ગામ હતું. ત્યાંથી તે ખૂબ મોટું થયું. જો આપણે વિકસિત દેશ બનવા માંગીએ છીએ તો આપણે તેમના જેવી આદતો વિકસાવવી જોઈએ. ગમે ત્યાં થૂંકવું કે કચરો ફેંકવો અસ્વીકાર્ય છે. ટ્રાફિક સિગ્નલોનું ધ્યાન રાખવું. ખોરાકનો બગાડ ન કરો. વોકલ પર લોકલનું ધ્યાન રાખો. દેશમાં બનેલી ચીજવસ્તુઓ ખરીદો.

### કેનેડામાં ખાલિસ્તાનીઓની ફિલ્ડિંગ સેટ

# અજિત ડોભાલે નતાલી સાથે બેઠકમાં ડીલ કરી ડન!

## બંને દેશો રાષ્ટ્રીય સુરક્ષા, ડ્રગ્સની હેરફેર અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કને રોકવા માટે પરસ્પર સહયોગ વધારવા સંમત થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેનેડા, ભારત અને કેનેડા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા રાજદ્વારી તણાવ બાદ હવે સંબંધોમાં સુધારો જોવા મળી રહ્યો છે. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ અને કેનેડાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર નતાલી ડ્રોઈન વચ્ચે શનિવારે (સાતમી ફેબ્રુઆરી) ઓટાવામાં એક હાઈ-પ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંને દેશો રાષ્ટ્રીય સુરક્ષા, ડ્રગ્સની હેરફેર અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કને રોકવા માટે પરસ્પર સહયોગ વધારવા સંમત થયા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યાનુસાર, બંને દેશોએ કાયદાના અમલીકરણ અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા માટે એક સામાન્ય યોજના બનાવી છે. જેમાં આંતરરાષ્ટ્રીય અપરાધો અને ગુનાહિત નેટવર્કની માહિતી શેર કરવા માટે બંને દેશો ખાસ અધિકારીઓની નિમણૂક કરશે. ગેરકાયદે નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે બંને દેશોની એજન્સીઓ વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરવામાં આવશે. સાયબર સુરક્ષાના પડકારો અને ઈમિગ્રેશન ફ્રોડ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા ચાલુ રાખવા માટે સહમતિ બની છે. ૨૦૨૩માં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ભારે ખટાશ આવી હતી. આ વિવાદ બાદ આ પ્રથમ પ્રસંગ છે જયારે બંને દેશો આટલા ઉચ્ચ સ્તરે સુરક્ષા અને સહયોગ માટે સંમત થયા હોય. આ પ્રયાસોને ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોને ફરીથી પાટા પર લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ડોભાલની આ મુલાકાત એટલા માટે પણ મહત્ત્વની છે કારણ કે કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્ની આવતા મહિનાની શરુઆતમાં ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. તે પહેલા આ સુરક્ષા કરાર થવાથી બંને દેશો વચ્ચેના વિવાદિત મુદ્દાઓ પર બરફ ઓગળશે તેવું માનવામાં આવી રહ્યું છે. વિદેશ મંત્રાલય અનુસાર, બંને દેશો નાગરિકોના રક્ષણ માટેની પહેલમાં થયેલી પ્રગતિને સ્વીકારે છે અને સ્થાનિક કાયદા તથા આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ હેઠળ છેતરપિંડી અને ઈમિગ્રેશનના મુદ્દાઓ પર સહયોગ કરવા સંમત થયા છે.

### કાતિલ ઠંડીને લઈ હવામાનની આગાહી

# દેશના ઘણા રાજ્યોમાં વરસાદ અને બરફવર્ષાનું એલર્ટ જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, ફેબ્રુઆરીના આઠ દિવસ પછી પણ શિયાળાની ઋતુ પૂરી થવાને હજુ બાકી છે. હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે, જેમાં ઠંડી ફરી આવવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ કહે છે કે પર્વતોમાં ભારે હિમવર્ષા થઈ શકે છે. આનાથી મેદાની વિસ્તારોમાં ફરી એકવાર કાતિલ ઠંડી પડશે. હવામાન વિભાગે પશ્ચિમી હિમાલયના રાજ્યોમાં હવામાનમાં ફેરફારનો સંકેત આપ્યો છે.



પશ્ચિમી વિક્ષેપ સતત ઉપરના વાતાવરણમાંથી હિમાલય પ્રદેશ તરફ આગળ વધી રહ્યો છે અને આજે (૯ ફેબ્રુઆરી) પર્વતીય રાજ્યોમાં પ્રવેશ કરશે. આ કારણે આજે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં બરફવર્ષા અને વરસાદની અપેક્ષા છે. આ વલણ ૧૦ અને ૧૧ તારીખ સુધી ચાલુ રહેવાની ધારણા છે. આ સમયગાળા દરમિયાન, પર્વતીય વિસ્તારોમાં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

વરસાદની સાથે, હિમવર્ષાની ચેતવણી પણ આપવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ રહેવાસીઓએ સતર્ક રહેવાની જરૂર છે, કારણ કે આ વિસ્તારોમાં આજે (૯ ફેબ્રુઆરી) વરસાદ અને હિમવર્ષા બંનેનો અનુભવ થવાની ધારણા છે. હવામાન વિભાગે રહેવાસીઓને ઊનના કપડાં પહેરવાની અને ઠંડીથી પોતાને બચાવવાની સલાહ આપી છે. જોકે, દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના મેદાની વિસ્તારોમાં કડકડતી ઠંડીથી થોડી રાહત મળી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસોમાં કાતિલ ઠંડીમાં વધારો થઈ શકે છે. જોકે, પર્વતોમાં હિમવર્ષા શિયાળાનું પુનરાગમન લાવી શકે છે. પૂર્વી રાજસ્થાનના ફતેહપુરમાં લઘુત્તમ તાપમાન ૪.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું છે. ઉત્તર ભારતીયોને ધુમ્મસથી રાહત મળવાની શક્યતા ઓછી છે. દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં આજે અને કાલે (૧૦ ફેબ્રુઆરી) સવારે અને રાત્રે ગાઢ ધુમ્મસ રહેવાની ધારણા છે. ઉત્તર પ્રદેશના બરેલી અને ગોરખપુરમાં વિઝિબિલિટી શૂન્ય સુધી પહોંચી શકે છે. હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી અનુસાર, દેશના અનેક રાજ્યોમાં બરફ વર્ષા અને વરસાદને લઈ કાતિલ ઠંડીનો ચમકારો વધી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાનમાં પલટો આવી શકે છે. ઘણા રાજ્યમાં કાતિલ ઠંડીનો રાઉન્ડ શરુ થશે. ઉત્તર ભારતમાં ઠંડી ફરી તીવ્ર બનવાની આગાહી છે.

## લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે વિપક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, વિપક્ષ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યો છે. વિપક્ષી પક્ષોનો આરોપ છે કે અધ્યક્ષ ગૃહમાં પક્ષપાતી છે. આ આરોપ એવા સમયે લગાવવામાં આવ્યો છે જ્યારે વિપક્ષ આરોપ લગાવી રહ્યું છે કે રાહુલ ગાંધીને સંસદમાં બોલવા દેવામાં આવી રહ્યા નથી. છેલ્લા ઘણા દિવસોથી સંસદમાં આ મુદ્દા પર હોબાળો થઈ રહ્યો છે. લોકસભા અધ્યક્ષ સામે વિપક્ષના વધતા ગુસ્સાનું બીજું કારણ તેમણે આપેલું એક નિવેદન છે, જેના પર મોટો વિવાદ થઈ રહ્યો છે.

લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન બોલતા રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ સેના પ્રમુખ એમ.એમ. નરવણેના અપ્રકાશિત સંસ્મરણોનો ઉલ્લેખ કરીને ચીન સાથેના સંઘર્ષ અંગે ગંભીર આરોપ લગાવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીની ટેન્ક ડોકલામમાં ઘૂસી ગઈ છે. જોકે, સરકારે આ આરોપોને ફગાવી દીધા હતા. ત્યારબાદ, અધ્યક્ષે રાહુલ ગાંધીને બોલતા અટકાવ્યા હતા, જેના કારણે હોબાળો થયો હતો. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે તેમને લોકસભામાં બોલતા અટકાવવા એ પરંપરાનું ઉલ્લંઘન છે અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર બોલતા અટકાવવામાં આવી રહ્યા હોવાનો ગંભીર ભય પણ વ્યક્ત કર્યો.






### પછી પોતે પણ કરી લીધો આપઘાત

# કોલેજના ક્લાસરૂમમાં ઘૂસી વિદ્યાર્થીએ વિદ્યાર્થિનીને માથામાં મારી ગોળી

## વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ, પંજાબના તરન તારન જિલ્લામાંથી સોમવારે હચમચાવી નાખે એવી ઘટના સામે આવી છે. જેમાં ઉસમા ખાતે આવેલી લો કોલેજમાં એક વિદ્યાર્થીએ વિદ્યાર્થિનીને માથામાં ગોળી મારીને હત્યા કરી નાખી અને સેકન્ડમાં જ પોતાને પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. આ ઘટના બાદ કોલેજ પરિસરમાં હડકંપ મચી ગયો છે અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

મૃતકની ઓળખ સંદીપ કૌર તરીકે થઈ છે, જ્યારે હુમલો કરનાર વિદ્યાર્થીની ઓળખ પ્રિન્સ રાજ તરીકે થઈ છે.

ઘટનાના CCTV ફૂટેજ અનુસાર, પ્રિન્સ રાજ ક્લાસરૂમમાં પ્રવેશ કરે છે અને ત્યાં બેઠેલી સંદીપ કૌરના માથામાં ખૂબ જ નજીકથી ગોળી મારી દે છે.

તરત જ તે ફરીથી પિસ્તોલ લોડ કરે છે અને પોતાના માથામાં ગોળી મારીને ત્યાં જ પડી જાય છે. બંનેનું કોલેજમાં જ મોત થઈ જાય છે.

DSP જગબીર સિંહે જણાવ્યું કે, 'માઈ ભાગો લો કોલેજ'માં આ ઘટના બની છે. જેમાં એક વિદ્યાર્થીએ પોતાની સાથે અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની હત્યા કરીને પોતે પણ આપઘાત કરી લીધો છે. પોલીસે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

કોલેજના ક્લાસરૂમમાં વિદ્યાર્થીએ વિદ્યાર્થિને ગોળી મારી દેતા સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે, એક વિદ્યાર્થી કોલેજની અંદર પિસ્તોલ લઈને કેવી રીતે પ્રવેશ કરી શક્યો? હાલમાં પોલીસ એ બાબતની તપાસ કરી રહી છે કે પ્રિન્સ રાજે આટલું ભયાનક પગલું કેમ ભર્યું? શું આ કિસ્સો એકતરફી પ્રેમનો હતો કે કોઈ બીજી બાબત હતી? પોલીસ પરિવારજનો અને સાથે ભણતા વિદ્યાર્થીઓની પૂછપરછ કરી રહી છે.

## તંત્રી લેખ......

# ભારત સામે રમવા પાકિસ્તાને ICC સામે મોટી શરતો મૂકી

ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપના મહામુકાબલાને લઈને ચાલી રહેલી મડાગાંઠમાં હવે નવો વળાંક આવ્યો છે. અત્યાર સુધી બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) સામે શરતો મૂકીને સોદાબાજી શરૂ કરી છે.

રવિવારે રાત્રે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં ICCના ઉપાધ્યક્ષ ઈમરાન ખ્વાજા, PCB ચીફ મોહસિન નકવી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ વચ્ચે લાંબી બેઠક ચાલી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચને બચાવવાનો હતો. જોકે, આ મીટિંગમાં કોઈ અંતિમ સમજૂતી થઈ શકી નથી, પણ પાકિસ્તાને તેનો પક્ષ નરમ પાડીને શરતોનું લિસ્ટ પકડાવી દીધું છે.

PCBની એ ૩ શરતો જેણે ICCને વિચારતા કરી દીધા. રિપોર્ટ્સ મુજબ, પાકિસ્તાને ભારત સામે મેચ રમવા માટે ઝઝ સામે ત્રણ મુખ્ય માંગણીઓ રાખી છે:

BCB માટે વળતરઃ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને થયેલા નુકસાનનું વળતર અપાવવું.

પાર્ટિસિપેશન ફીઃ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની ફીમાં વધારો અથવા વિશેષ ભથ્થું.

યજમાનીના અધિકારઃ ભવિષ્યમાં આયોજિત થનારી ICC ટ્રોફી કે ઈવેન્ટ્સના યજમાનીના અધિકારોની ખાતરી આપવી.

જોકે એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે પાકિસ્તાને ICC સમક્ષ આવી પણ ત્રણ ડિમાન્ડ મૂકી છે જે નીચે મુજબ છે.

૧ - પાકિસ્તાનને વર્લ્ડ બોડી કરતાં વધુ રેવન્યૂ જોઈએ છે.

૨ - ભારત સથે દ્વિપક્ષીય ક્રિકેટ રિલેશન ફરી શરૂ કરવામાં આવે.

૩ - ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ખેલાડીઓ પાકિસ્તાનના ખેલાડીઓ સાથે હેન્ડશેક કરે.

થોડા દિવસો પહેલા જ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે જાહેરાત કરી હતી કે પાકિસ્તાન ભારત સામે વર્લ્ડ કપમાં નહીં રમે. પરંતુ એક્સપર્ટ્સ પહેલેથી જ માનતા હતા કે આર્થિક ભીંસમાં ફસાયેલું પાકિસ્તાન આટલું મોટું નુકસાન વેઠી શકે તેમ નથી. હવે પાકિસ્તાન કન્ડિશનલ સહમતી દર્શાવી રહ્યું છે, જે એ વાતનો સંકેત છે કે ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોના મેદાનમાં ભારત અને પાકિસ્તાન આમને-સામને જોવા મળી શકે છે.

વર્લ્ડ કપમાં અત્યાર સુધી બંને ટીમોના ફોર્મની વાત કરીએ તો, પાકિસ્તાન માંડ-માંડ નેધરલેન્ડ્સ સામે જીત્યું છે, જ્યારે ભારતને પણ અમેરિકા સામે જીતવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો.

### વેપારીના દીકરાએ રોડ પર મચાવ્યો ખુની તાંડવ

# વેપારીના દીકરાએ લેમ્બોર્ગિની કારથી ૬ લોકોને ઉડાવ્યા

## વેપારીના દીકરાએ જાણે પોતાનો પ્રાઈવેટ રોડ હોય એમ સમજીને લેમ્બોર્ગિની કારને ફૂલ સ્પીડમાં દોડાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર,

કાનપુરના પોશ વિસ્તાર VIP રોડ પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જ્યાં તમાકુના મોટા વેપારી કે.કે. મિશ્રાના પુત્ર શિવમ કુમાર મિશ્રાએ તેની કરોડો રૂપિયાની કાળી લેમ્બોર્ગિની કારને ફૂલ સ્પીડમાં દોડાવીને રસ્તા પર ખૂની તાંડવ મચાવ્યો હતો. વેપારીના દીકરાએ જાણે પોતાનો પ્રાઈવેટ રોડ હોય એમ સમજીને લેમ્બોર્ગિની કારને ફૂલ સ્પીડમાં દોડાવી હતી. આ દરમિયાન તેણે ૬ જેટલા રાહદારીઓને અડફેટે લીધા હતા. આ ઘટનાને પગલે સ્થાનિકોના ટોળે-ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. તો આ અંગેની જાણ થતાં જ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

કે.કે. મિશ્રાના દીકરાએ પોતાની કારથી ૬ જેટલા લોકોને અડફેટે લીધા હતા. જેમાં તેણે એક બુલેટ ચાલકને પણ ભયાનક ટક્કર મારી હતી. જેમાં બાઈક ચાલક હવામાં ઉછળીને ૧૦ ફૂટ દૂર પડ્યો હતો. જે બાદ લેમ્બોર્ગિનીને બુલેટની ઉપર જ ચઢાવી દીધી હતી. આ અકસ્માત બાદ લોકો લાલઘૂમ થઈ ગયા હતા અને નબીરાને ઘેરી લીધો હતો. જોકે, તેના બાઉન્સરોએ આ ઘટના પર લોકોની માફી માંગવાને બદલે લોકોને ધક્કા મારીને ભગાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં બાઉન્સરોએ પીડિતો સાથે અભદ્ર વર્તન કર્યું હતું. આ દરમિયાન પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને કારને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જે બાદ ઈજાગ્રસ્તોના પરિવારજનોએ પોલીસ સ્ટેશનમાં પણ જોરદાર હોબાળો કર્યો હતો. હાલ વેપારીના દીકરા અને અન્ય ઈજાગ્રસ્તોની પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ કાર સ્વરૂપ નગરના રહેવાસી કે.કે મિશ્રાના નામે નોંધાયેલી છે. ઈજાગ્રસ્તોએ ગ્વાલટોલી પોલીસ સ્ટેશનમાં કાર માલિક અને કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પહેલા ટક્કર મારી પછી બુલેટને કચડી નાખી - આ ઘટના અંગે પીડિત સોનુ ત્રિપાઠીએ જણાવ્યું કે, મારા મામાનો દીકરો વિશાલ અને હું બુલેટ પર આવ્યા હતા. પછી અમે રસ્તાના કિનારે એક દુકાન પાસે ઊભા રહ્યા હતા. આ દરમિયાન વિશાલ તો બુલેટ પર જ બેઠો હતો. અહીં દુકાન પર અમે ટી-શર્ટ જોતા હતા. ત્યારે લેમ્બોર્ગિની કારે પહેલા એક ઓટોને ટક્કર મારી. પછી અમારી બુલેટને કચડી નાખી. કારની ટક્કરથી વિશાલ પણ દૂર જઈને પડી ગયો. બીજા બે છોકરાઓ પણ હતા, તેમને પણ જોરદાર ટક્કર મારી હતી. તેઓ રસ્તા પર ૧૦ ફૂટ ઊંચા ઉછળીને દૂર ફૂટપાથ પર જઈ પડ્યા. બંનેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આ અકસ્માતમાં એક યુવાનના ચહેરા પર ઈજા થઈ છે. તેના મોંઢાથી લોહી નીકળી રહ્યું હતું. તેને પણ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અમે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. કોઈને ગંભીર ઈજા થઈ નથી - સેન્ટ્રલ DCP અતુલ શ્રીવાસ્તવે જણાવ્યું કે, અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી. અકસ્માતમાં સંડોવાયેલી કારને ગ્વાલતાલી પોલીસ સ્ટેશન દ્વારા જપ્ત કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### ૫ નેતાને કાવતરાખોર ગણાવ્યા

# લાલુ યાદવના મોટા દીકરાએ પાર્ટીના ગદ્દારોની યાદી જાહેર કરી

## એવા પાંચ શક્તિશાળી નેતાઓના નામ જાહેર કર્યા છે, જેમને તેઓ પોતાની રાજકીય કારકિર્દીના ગદ્દાર માને છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા,

બિહારની રાજનીતિમાં પોતાના બેબાક અંદાજ માટે જાણીતા તેજ પ્રતાપ યાદવે ફરી એકવાર RJD પાર્ટીમાં ખળભળાટ મચાવી દીધો છે. તેજ પ્રતાપે કોઈ પણ આડકતરી વાત કરવાને બદલે સીધા જ એવા પાંચ શક્તિશાળી નેતાઓના નામ જાહેર કર્યા છે, જેમને તેઓ પોતાની રાજકીય કારકિર્દીના ગદ્દાર માને છે.

તેજ પ્રતાપનો આરોપ છે કે આ પાંચેય નેતાઓ તેમના વિરુદ્ધ કાવતરાં કરી રહ્યા છે અને તેમને તેમના ભાઈ તેજસ્વી યાદવથી દૂર રાખવાના પ્રયત્નો કરી રહ્યા છે. તેજ પ્રતાપે આ નેતાઓને 'જયચંદ' કહીને સંબોધ્યા છે, જે સમાજમાં વિશ્વાસઘાતના પ્રતીક તરીકે ઓળખાય છે.

તેજ પ્રતાપની યાદીમાં મોખરે મુકેશ રૌશન છે, જેમના માટે તેજ પ્રતાપે પોતાની મહુઆ બેઠક છોડી હતી. ૨૦૧૫માં અહીંથી જીતનાર તેજ પ્રતાપે ૨૦૨૫માં ફરી આ જ બેઠક પરથી નસીબ અજમાવ્યું, પણ મુકેશ રૌશન અને તેજ પ્રતાપ બંને હારી ગયા. જે મુકેશ એક સમયે તેમના ખાસ ગણાતા, આજે તે જ તેમના નિશાના પર છે.

યાદીમાં બીજું નામ તેજસ્વીના રાઈટ હેન્ડ અને રાજ્યસભા સાંસદ સંજય યાદવનું છે. હરિયાણાના વતની સંજય યાદવ લાંબા સમયથી તેજસ્વીના રાજકીય સલાહકાર અને રણનીતિકાર છે. તેજ પ્રતાપનો આરોપ છે કે સંજય યાદવ જેવા બહારના લોકો જ ભાઈ-ભાઈને લડાવે છે અને તેમને મુખ્ય રાજનીતિથી દૂર રાખવાનું કાવતરું કરી રહ્યા છે.

તેજ પ્રતાપે ત્રીજા સ્થાને તેજસ્વીના અંગત સાથી રમીઝ નેમતનું નામ લીધું છે, જેઓ હંમેશા તેમની સાથે પડછાયાની જેમ રહે છે. તેજ પ્રતાપનો આરોપ છે કે રમીઝ માહિતી તોડી-મરોડીને રજૂ કરે છે અને તેજસ્વીના કાન ભરે છે. સંગઠનમાં રમીઝની વધતી વગથી તેજ પ્રતાપ નારાજ છે, ઉલ્લેખનીય છે કે અગાઉ તેજ પ્રતાપના મોટા બહેન રોહિણી આચાર્યએ પણ લાલુ પરિવારમાં રમીઝની દખલગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા.

તેજ પ્રતાપે ચોથા સ્થાને ઈલ્તહ્વના મુખ્ય પ્રવક્તા અને પૂર્વ ધારાસભ્ય શક્તિ સિંહ યાદવનું નામ આપ્યું છે. તેજ પ્રતાપનો આરોપ છે કે શક્તિ સિંહ જાહેરમાં પક્ષની તરફેણ કરે છે, પરંતુ અંદરખાને તેમની છબી બગાડવાનું કામ કરી રહ્યા છે. તેજ પ્રતાપ તેમની સક્રિયતા અને નિવેદનોને પોતાની અવગણના તરીકે જોઈ રહ્યા છે.

તેજ પ્રતાપે પાંચમા 'જયચંદ' તરીકે સ્ન્ઝ અને બિસ્કોમાનના અધ્યક્ષ સુનીલ સિંહનું નામ આપ્યું છે. લાલુ યાદવના વિશ્વાસુ અને રાબડી દેવીના મોં બોલ્યા ભાઈ ગણાતા સુનીલ સિંહ સાથે તેજ પ્રતાપને લાંબા સમયથી અણબનાવ છે. તેજ પ્રતાપનો આરોપ છે કે સુનીલ સિંહ પોતાની વગનો ઉપયોગ કરીને તેમનું રાજકીય કદ નાનું કરી રહ્યા છે. તેજ પ્રતાપના આ આકરા પ્રહારથી બિહારના રાજકારણમાં અને યાદવ પરિવારમાં નવા વિવાદના મંડાણ થયા છે.

તેજ પ્રતાપ યાદવે આ નેતાઓને 'જયચંદ' કહીને સંબોધ્યા છે, જે ભારતીય સમાજમાં વિશ્વાસઘાત અને ગદ્દારીનું સૌથી મોટું પ્રતીક માનવામાં આવે છે. જોકે, ઈતિહાસના પાનાઓમાં રાજા જયચંદને એક વીર યોદ્ધા તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમણે ૧૧૯૪માં ચંદાવરના યુદ્ધમાં મોહમ્મદ ઘોરીનો સામનો કર્યો હતો. બીજી તરફ, તેમને પૃથ્વીરાજ ચૌહાણને દગો આપનાર તરીકે પણ દર્શાવવામાં આવે છે. તેજ પ્રતાપે આટલા કઠોર શબ્દોનો પ્રયોગ એટલે કર્યો છે જેથી તેઓ કાર્યકરોને સમજાવી શકે કે આ પાંચેય નેતાઓ પાર્ટીની અંદર 'વિભીષણ' અને 'જયચંદ' જેવી ભૂમિકા ભજવી રહ્યા છે.

# જાપાનના વડાપ્રધાન સાનાય તાકાઈચીની ઐતિહાસિક જીત

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોકિયો,

જાપાનના વડાપ્રધાન સાનાય તાકાઈચીના ગઠબંધને રવિવારે યોજાયેલી વિન્ટર સ્નેપ ચૂંટણીમાં ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. કન્ઝર્વેટિવ નેતા સાનાય તાકાઈચી જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન છે. તેમણે અગાઉ કહ્યું હતું કે તેઓ બ્રિટનની "આયરન લેડી" માર્ગરેટ થેચરથી પ્રેરિત છે. શાસક પક્ષના ઉમેદવારોએ સંસદની ૪૬૫ બેઠકોવાળા નીચલા ગૃહમાં ૨૩૩ બેઠકોના બહુમતી આંકડાને વટાવી દીધો. મતદાન પૂર્ણ થયાના બે કલાકથી પણ ઓછા સમયમાં LDP એ એકલા હાથે બહુમતી હાંસલ કરી હતી. આ પાર્ટીના અત્યાર સુધીના શ્રેષ્ઠ ચૂંટણી પરિણામોમાંનું એક માનવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાનાય તાકાઈચીને તેમની જીત બદલ અભિનંદન આપ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર એક પોસ્ટમાં સાનાય તાકાઈચીને તેમની જંગી જીત બદલ અભિનંદન આપ્યા. તેમણે લખ્યું, "પ્રતિનિધિ ગૃહની ચૂંટણીમાં ઐતિહાસિક જીત બદલ સાનાય તાકાઈચીને અભિનંદન. અમારી ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે." વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું, "મને વિશ્વાસ છે કે તમારા સક્ષમ નેતૃત્વ હેઠળ ભારત-જાપાન મિત્રતા નવી ઊંચાઈઓ સુધી પહોંચશે."

જાપાનમાં અમેરિકાના રાજદૂત જ્યોર્જ એડવર્ડ ગ્લાસે સાનાય તાકાઈચીને તેમના "પ્રભાવશાળી વિજય" બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે તેઓ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે તેમની સરકાર સાથે કામ કરવા આતુર છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં તેમના પક્ષના નેતૃત્વની ચૂંટણી જીત્યા પછી સાનાય તાકાઈચીએ ૩૬ વર્ષમાં દેશની પ્રથમ મિડ વિન્ટર ચૂંટણી કરાવવાની જાહેરાત કરી. આ ચૂંટણીનો ઉદ્દેશ્ય જનતા પાસેથી નવો જનાદેશ મેળવવાનો હતો. તેમના નિર્ણયને એક મોટો રાજકીય જુગાર માનવામાં આવ્યો, કારણ કે તેમની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ સંસદના બંને ગૃહોમાં બહુમતી ગુમાવી દીધી હતી. કોમેતો પાર્ટી સાથેનું તેમનું લાંબા સમયથી ચાલતું ગઠબંધન પણ તૂટી ગયું હતું. તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં શાસક પક્ષ બહુમતીનો આંકડો પાર કરી ગયો છે.

### અમેરિકા બાદ હવે ચીને આપી ખાસ ઓફર

# સુપરપાવર દેશોમાં ભારત સાથે હાથ મિલાવવાની હરીફાઈ!

## બેઈજિંગ હવે ભારત સાથેના સંબંધોને દુશ્મનીના બદલે સહયોગની દૃષ્ટિએ જોવા મજબૂર થયું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ,

ભારતની વિદેશ નીતિ માટે વર્ષ ૨૦૨૬ એક નવીન ઊર્જા લઈને આવ્યું છે.

એક બાજુ, ભારતને સતત ધમકીઓ આપનારા ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર લાદેલા ટૅરિફ પાછા ખેંચવાની ફરજ પડી છે, તો બીજી બાજુ હિમાલયની સરહદેથી પણ શાંતિના પવન ફૂંકાઈ રહ્યા છે. ભારતમાં ચીનના રાજદૂત જૂ ફેઈહોંગના તાજેતરના નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે, બેઈજિંગ હવે ભારત સાથેના સંબંધોને દુશ્મનીના બદલે સહયોગની દૃષ્ટિએ જોવા મજબૂર થયું છે.

ચીની રાજદૂતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર જણાવ્યું કે, ચીન ભારત સાથે મળીને એ સંમતિ પર આગળ વધવા તૈયાર છે જ્યાં બંને દેશો એકબીજાના વિકાસમાં ભાગીદાર બને. વર્ષોના તણાવ અને કડવાશ બાદ ચીનનું આ વલણ સંબંધોમાં નરમાશનો સંકેત આપે છે.

આ આર્થિક રણનીતિઓનો હેતુ બંને દેશો વચ્ચેના વ્યાપારિક અને વ્યવહારિક સહયોગને ફરીથી મજબૂત બનાવી પરસ્પર લાભનો વ્યાપ વધારવાનો છે.

ચીને બ્રિક્સની અધ્યક્ષતા માટે ભારતનું મજબૂત સમર્થન કર્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની વધતી શક્તિને સ્વીકારવી એ ચીનની વ્યૂહાત્મક મજબૂરી છે. ચીની રાજદૂતે બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક અને નાગરિક સંવાદ વધારવા પર પણ ભાર મૂક્યો છે.

આર્થિક ભીંસઃ ચીન હાલ મંદીનો સામનો કરી રહ્યું છે. ભારત જેવા મોટા બજારને અવગણવું તેને આર્થિક રીતે ભારે પડી રહ્યું છે, જેના કારણે ચીની કંપનીઓને મોટું નુકસાન થયું છે.

અમેરિકા-ભારત નિકટતાઃ અમેરિકા સાથે ભારતની મજબૂત સંરક્ષણ અને વ્યાપારિક ભાગીદારીથી ચીનને ડર છે કે જો તે નમતું નહીં જોખે તો ભારત સંપૂર્ણપણે પશ્ચિમી દેશોના પક્ષે જતું રહેશે.

ગ્લોબલ સાઉથનો પ્રભાવઃ બદલાતા વૈશ્વિક સમીકરણોમાં ભારત 'ગ્લોબલ સાઉથ'નું નેતા બનીને ઉભર્યું છે. ચીન જાણે છે કે એશિયામાં પ્રભુત્વ જાળવવા માટે ભારતીય સહયોગ અનિવાર્ય છે.

ચીનના શાંતિ પ્રસ્તાવને ભારત સાવચેતીથી જોઈ રહ્યું છે. ૨૦૨૦ની ગલવાન ઘટના બાદ ઊભું થયેલું 'વિશ્વાસનું સંકટ' માત્ર નિવેદનોથી દૂર નહીં થાય. ભારતનું વલણ સ્પષ્ટ છેઃ સરહદ પર સંપૂર્ણ શાંતિ અને જૂની સ્થિતિ પાછી ન આવે ત્યાં સુધી સંબંધો સામાન્ય થવા અશક્ય છે.

ભારત અત્યારે અમેરિકાની સંરક્ષણ ટૅક્નોલૉજી અને ચીનના વ્યાપારિક લાભ વચ્ચે પોતાની 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' જાળવી રહ્યું છે.

ભારતનું વલણ સ્પષ્ટ છે કે તે કોઈ પણ શક્તિના દબાણમાં આવ્યા વિના પોતાની શરતો પર સંબંધો જાળવી રાખશે. ભારત ભાગીદારી માટે તૈયાર છે, પરંતુ પોતાની સુરક્ષા અને સાર્વભૌમત્વ સાથે કોઈ સમજૂતી કરશે નહીં.

### હવે ICC પર દારોમદાર

# T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનના બોયકોટ ડ્રામા વચ્ચે BCCIનું મોટું નિવેદન

## ભારતીય બોર્ડ ICC દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયનું સંપૂર્ણપણે પાલન કરશે : BCCIના ઉપાધ્યક્ષ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫ ફેબ્રુઆરીના રોજ કોલંબોમાં યોજાનારી મેચ અંગે અનિશ્ચિતતાના વાદળો મંડરાઈ રહ્યા છે. પાકિસ્તાને ભારત સાથે આ મેચ રમવાનો ઈનકાર કરી દેતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે.

હવે આ ગંભીર મુદ્દા પર BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ રવિવારે BCCIનું સત્તાવાર સ્ટેન્ડ સ્પષ્ટ કરી દીધું છે, જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે, BCCIએ આ સમગ્ર મામલો ICC પર છોડી દીધો છે.

નવી દિલ્હીમાં ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરના નિવાસસ્થાન પર આયોજિત ડિનર દરમિયાન રાજીવ શુક્લાએ મીડિયા સાથે વાત કરી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, 'BCCIએ આખો મામલો ICC પર છોડી દીધો છે. ભારતીય બોર્ડ ICC દ્વારા લેવામાં આવેલા કોઈપણ નિર્ણયનું સંપૂર્ણપણે પાલન કરશે.' BCCIનું આ વલણથી દર્શાવે છે કે, તેઓ આ રાજકીય અને રાજદ્વારી તણાવ વચ્ચે ખુદને સીધા વિવાદથીદૂર રાખીને ટુર્નામેન્ટના આયોજકોના નિર્દેશોની રાહ જોઈ રહ્યા છે.

કોલંબોમાં ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચ ન રમવાના પાકિસ્તાનના નિર્ણયથી ખેલ જગતને મોટો ઝટકો લાગ્યો છે. પાકિસ્તાને બાંગ્લાદેશના સમર્થનમાં આ પગલું ભર્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે, જેણે સુરક્ષા કારણોનો હવાલો આપીને ભારત આવવાનો ઈનકાર કર્યો હતો.

જોકે, અહેવાલોમાં એ વાતનો ખુલાસો થયો છે કે, ICC અને PCB વચ્ચેની ચર્ચા બાદ પાકિસ્તાન મેચ રમવા માટે રાજી થઈ ગયું છે. પરંતુ તેમણે ICC સમક્ષ કેટલીક શરતો મૂકી છે.

મેદાનની બહાર ચાલી રહેલા વિવાદો વચ્ચે ભારતીય ટીમ પોતાનું સંપૂર્ણ ધ્યાન રમત પર કેન્દ્રિત કરી રહી છે. રવિવારે સાંજે ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે દિલ્હીમાં તેમના ઘરે આખી ટીમ માટે ડિનરનું આયોજન કર્યું હતું. આ અનૌપચારિક મુલાકાતનો હેતુ નામિબિયા સામેની આગામી મેચ પહેલા ટીમની અંદર તાલમેલ અને ઉત્સાહ વધારવાનો હતો. અમેરિકા સામેની શાનદાર જીત બાદ ભારતીય ટીમ એકદમ સંતુલિત નજર આવી રહી છે અને કેપ્ટન સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં ટીમ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પોતાની બીજી જીત નોંધાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

### પોતાના જીવનભરની કમાણી ગુમાવી દીધી

# ૧.૧૦ કરોડ ગુમાવનારા વૃદ્ધે સાયબર સ્કેમર્સની મોડસ ઓપરેન્ડીનો કર્યો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

આજના સમયમાં સાયબર ઠગાઈ એ એક મોટી અને ગંભીર સમસ્યા બની ગઈ છે. સાયબર ઠગો દરરોજ લોકોને પોતાનો શિકાર બનાવી રહ્યા છે. ઠગો અવનવી રીતે લોકો સાથે ઠગાઈ કરે છે અને તેમની જીવનભરની કમાણી પડાવી લે છે. હવે તાજેતરનો મામલો અલીગઢનો છે. જ્યાં દિનેશ શર્માના નામના વ્યક્તિ સાયબર ઠગીનો શિકાર બન્યા છે.

વિક્ટિમ દિનેશ શર્મા પંજાબ નેશનલ બેંકમાં ડેપ્યુટી જનરલ મેનેજરના પદ પરથી રિટાયર્ડ થઈ ચૂક્યા છે. તેઓ સાયબર ઠગોથી સારી રીતે વાકેફ છે. તેમ છતાં તેઓ સાયબર ઠગી શિકાર બન્યા અને પોતાના જીવનભરની કમાણી ગુમાવી દીધી.

હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વિક્ટિમનો વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં તેઓ પોલીસની પ્રેસ કોન્ફરન્સમાં હાજર છે. તેમણે જણાવ્યું કે, કેવી રીતે સાયબર ઠગોએ તેમનો પોતાનો શિકાર બનાવ્યો અને બેંક ખાતું ખાલી કરી દીધું. આ સાથે જ તેમણે સાયબર સેફટી અંગે ૩ જરૂરી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. ચાલો આ અંગે વિગતવાર જાણીએ.

સાયબર ઠગાઈની શરૂઆત ગત વર્ષ ૨ નવેમ્બરથી થઈ હતી. વિક્ટિમે જણાવ્યું કે, શરૂઆતમાં સાયબર ઠગોને મેસેજ આવ્યો, જેમાં તેમણે ૩૦-૪૦% પ્રોફિટ કમાવાનો વાયદો કર્યો, જેમાં મને ખબર પડી ગઈ કે, આવું ન થઈ શકે અને આ સાયબર ઠગી છે.

ત્યારબાદ સાયબર ઠગોએ વૃદ્ધને એક વોટ્સએપ ગ્રુપમાં સામેલ કર્યા, જ્યાં ઘણા લોકો પોતાનો પ્રોફિટ શેર કરી રહ્યા હતા. શરૂઆતમાં આરોપીઓએ તેમના પર નાની રકમનું રોકાણ કરવા દબાણ કર્યું.

ત્યારબાદ વિક્ટિમ વૃદ્ધે શરૂઆતમાં ૫ હજાર રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કર્યું.

ત્યારબાદ તેમણે જોયું કે, મોટો પ્રોફિટ થઈ રહ્યો છે, જેને એક વર્ચ્યુઅલ એપ દ્વારા દેખાડવામાં આવ્યું હતું.

મોટો પ્રોફિટ જોઈને લાલચમાં આવીને વૃદ્ધે પોતાના જીવનભરની કમાણી ૧.૧૦ કરોડ ગુમાવી દીધી. ત્યારબાદ તરત જ વિક્ટિમ પાસેથી ૩ કરોડની માગ કરવામાં આવી. વિક્ટિમે આ વાત પોતાની ફેમિલી સાથે શેર કરી અને કહ્યું કે હવે તેઓ ૩ કરોડની માગ કરી રહ્યા છે.

વિક્ટિમ વૃદ્ધે કહ્યું કે, આ પહેલી વાર હતું જ્યારે મેં મારી ફેમિલી સાથે આ અંગે વાત કરી અને ત્યાંથી જ ખબર પડી કે, આ સાયબર ફ્રોડ છે.

વૃદ્ધે તાત્કાલિક સાયબર સેલમાં સંપર્ક કર્યો અનો પોતાની ફરિયાદ નોંધાવી. ત્યારબાદ તેમણે પ્રેસ કોન્ફરન્સમાં પોતાનો અનુભવ શેર કર્યો અને જણાવ્યું કે, સેફ્ટી માટે કઈ ત્રણ બાબતોનું ખાસ ધ્યાન રાખવું.

વિક્ટિમ વૃદ્ધે જણાવ્યું કે, હું સામાન્ય લોકોને ૩ સેફ્ટી ટિપ્સ જણાવવા માગીશ. પ્રથમ તો એ કે, તમારા પરિવારથી ક્યારેય કંઈપણ ન છુપાવશો. બીજું આ લલચામણી ઓફરોની લાલચમાં ક્યારેય ન આવશો. ત્રીજું અને સૌથી અગત્યનું જો તમે સાયબર ઠગીનો શિકાર બન્યા છો, તો તાત્કાલિક પોલીસ સાયબર સેલનો સંપર્ક કરો અને ફરિયાદ નોંધાવો.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસે AAP દ્વારા ઢોલ નગારા વગાડી, માટલા ફોડીને કરાયું વિરોધ પ્રદર્શન



અમદાવાદ,

અમદાવાદમાં ઓઢવ વિસ્તારની મુકેશનગર સોસાયટીમાં પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવા મામલે આમ આદમી પાર્ટીના યુવા નેતા અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટ તથા AAP નેતા જૈમિન દેસાઈની આગેવાનીમાં સ્થાનિકોને સાથે રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. AAP નેતા ડૉ. કરન બારોટ અને જૈમિન દેસાઈ સહિત આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ તથા સ્થાનિક લોકોએ ઢોલ નગારા વગાડીને તથા કોર્પોરેશનની ઓફિસમાં ખૂબ જ મજબૂતીથી રજૂઆત કરવા પહોંચ્યા હતા. જ્યારે કોર્પોરેશનના ગેટ આગળ તમામ લોકો પહોંચ્યા તો અંદર જતા તેઓને રોકવામાં આવ્યા. આ દરમિયાન છછઁ નેતા ડૉ. કરન બારોટે જણાવ્યું કે, કોર્પોરેશનમાં ભાજપની સરકાર છે, રાજ્યમાં ભાજપની સરકાર છે, કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે અને આ રીતની ટ્રીપલ એન્જિનની ભાજપની સરકાર ચાલી રહી છે, તેમ છતાં પણ અમદાવાદ જેવા મહાનગરમાં ભાજપ સરકાર લોકોને ગટરનું મિક્સ થયેલું ગંદુ પાણી પીવડાવે છે. લોકો જ્યારે ફક્ત રજૂઆત કરવા માંગતા હોય છે તો કોર્પોરેશન દ્વારા લોકોને રોકવામાં આવે છે અને રજૂઆત કરવા પણ જવા દેવામાં આવતા નથી. શું અમે પાકિસ્તાની લોકો છીએ? અમે ગુજરાતના લોકો છીએ અને રજૂઆત કરવાનો અમને અધિકાર છે. ત્યારબાદ ઘણા ઘર્ષણ બાદ તમામ લોકો છછઁ પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો.કરન બારોટ તથા છછઁ નેતા જૈમિન દેસાઈની આગેવાનીમાં ઓફિસમાં રજૂઆત કરવા પહોંચ્યા. મ્યુનિસિપલ અધિકારીને રજૂઆત કરીને આમ આદમી પાર્ટીના યુવા નેતા ડો.કરન બારોટે જણાવ્યું હતું કે છ મહિનાથી લઈને એક વર્ષથી ઓઢવની સોસાયટીઓમાં લોકો ગંદુ પાણી પીવા મજબૂર છે. પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થવાથી જે ગંદુ પાણી લોકોના ઘરે પહોંચી રહ્યું છે એ પાણી મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ પણ પીવું જોઈએ તો એમને ખ્યાલ આવશે કે લોકો કેવું પાણી પીવા મજબૂર છે. અને કોર્પોરેશનના અધિકારીએ કહ્યું કે "કાલે પાણીનું ટેક્કર મોકલવામાં આવશે" તો એક સીધો સવાલ થાય છે કે શું કોર્પોરેશન એવું ઈચ્છી રહ્યું છે કે અત્યારે બપોરથી લઈને કાલ સવાર સુધી લોકો ગંદુ પાણી જ પીવે? લોકોએ અનેક વાર આ મુદ્દે અરજી પણ આપી છે છતાં પણ કોર્પોરેશન એ કોઈની વાત સાંભળી નથી, એ કેટલું યોગ્ય છે? કોર્પોરેશનના અધિકારીઓ માટે જેવું બીસ્લેરીનું ચોખ્ખું પાણી બોટલમાં આપવામાં આવે છે એટલું ચોખ્ખું પાણી ઓઢવની સોસાયટીના લોકોને મળે એવી અમારી માંગણી છે. લોકોએ ભાજપના નેતાને ખોબલે ખોબલે મત આપ્યા અને હવે તેઓ પ્રદેશ અધ્યક્ષ પણ થઈ ગયા છે પરંતુ પ્રજા આજે ગટરનું મિક્સ થયેલું ગંદુ પાણી પીવા માટે મજબૂર છે.

# અમદાવાદ ઓમ નગર રેલ્વે ફાટક પર અંડરબ્રિજનું કામ ૩ વર્ષથી અધૂરૂં, AAP નેતા ગૌરી દેસાઈ સ્થાનિકો સાથે સ્થળ પર પહોંચ્યા



અમદાવાદ

અમદાવાદના ઠક્કરબાપા વિધાનસભા વિસ્તારમાં આવેલ અનુપમ અસારવા શાળા (ધોરણ ૯–૧૦) નજીક આવેલા ઓમ નગર રેલ્વે ફાટક પર અંડરબ્રિજનું કામ છેલ્લા ત્રણ વર્ષથી અધૂરૂં પડ્યું છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ, સ્કૂલના બાળકો, વૃદ્ધો અને દર્દીઓ ગંભીર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા રેલ્વે વિભાગ દ્વારા અંડરબ્રિજનું કામ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદનો ભાગ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકાર હેઠળ આવતો હોવા છતાં આજદિન સુધી કામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. કોર્પોરેશન દ્વારા એક વર્ષમાં કામ પૂર્ણ કરવાની બાહેંધરી આપવામાં આવી હતી, પરંતુ આજે ત્રણ વર્ષ બાદ પણ મોટા મોટા ખાડા ખોદી કામ અધૂરૂં છોડી દેવાયું છે. આ માર્ગ પરથી સિવિલ હોસ્પિટલ તથા યુ.એન. મહેતા હોસ્પિટલ જેવી મહત્વની આરોગ્ય સંસ્થાઓ સુધી જવું પડે છે. અંડરબ્રિજ અધૂરો હોવાથી તાત્કાલિક સારવાર માટે જ્યાં ૫ મિનિટમાં પહોંચી શકાય તે રસ્તા માટે આજે સ્થાનિકોને ૨થી ૩ કિલોમીટર ફરીને અડધો કલાક જેટલો સમય વેડફવો પડે છે. ફાટક પરથી કોઈ રિક્ષા, કોઈ વાહન કે સાઈકલ પસાર થઈ શકતી નથી, જેના કારણે બાળકોને રોજ જીવ જોખમમાં મૂકી રેલ્વે ફાટક ક્રોસ કરવો પડે છે.

વરસાદ દરમિયાન ખાડાઓમાં પાણી ભરાઈ જાય છે, જેના કારણે અકસ્માતની ભયાનક શક્યતા ઊભી થાય છે. જો કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે, એવો સવાલ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

આ બાબતે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, ઓમ નગર ફાટક પર કામ શરૂ કરીને અધૂરૂં મૂકી દેવામાં આવ્યું છે. અહીં સરકારી સ્કૂલ છે, નાના બાળકોને મોટા ખાડાઓ વચ્ચેથી પસાર થવું પડે છે. તાત્કાલિક સારવાર માટે કોઈ વાહન આવી શકે તેવી સ્થિતિ નથી. જો અહીં કોઈ બાળક, વૃદ્ધ કે દર્દી સાથે અકસ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત તંત્રની રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આજે અમે આ મુદ્દે અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી રહ્યા છીએ. જો તાત્કાલિક કામ શરૂ નહીં થાય અને સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો સ્થાનિક રહેવાસીઓ સાથે મળીને આમ આદમી પાર્ટી ઉગ્ર આંદોલન કરશે.

## વન્યપ્રાણીના શિકાર અને મૃત્યુની ગંભીર ઘટના

# દહેજમાં જાળ બિછાવી ડુક્કરના શિકાર માટે ને મોત નિલગાયનું થયું

## વન વિભાગને બાતમી મળતા જ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ,

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ઔદ્યોગિક હબ ગણાતા દહેજ પંથકમાં વન્યપ્રાણીના શિકાર અને મૃત્યુની એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે.દહેજ સ્થિત ભૂતનાથ મહાદેવ મંદિર નજીકના વેરાન વિસ્તારમાં અને ઝાડી-ઝાંખરામાં શિકારીઓ દ્વારા ડુક્કર પકડવા માટે ગોઠવવામાં આવેલી જાળમાં એક મહાકાય નિલગાય ફસાઈ ગઈ હતી. જેના કારણે આ અબોલ જીવનું કરુણ મોત નીપજ્યું હતું.વન વિભાગને બાતમી મળતા જ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જ્યાં નિલગાય જાળમાં ખરાબ રીતે ફસાયેલી અને મૃત હાલતમાં મળી આવી હતી. વાગરા વન વિભાગે આ ઘટનાની ગંભીર નોંધ લઈ ઝીણવટભરી તપાસ હાથ ધરતા આ કૃત્ય સ્થાનિક રહીશોનું હોવાનું બહાર આવ્યું હતું.તપાસમાં દહેજના રહેવાસી અજય કનુ તલાવીયા અને રાકેશ શનાભાઈ રાઠોડના નામો ખુલ્યા હતા.પૂછપરછમાં તેમણે કબૂલ્યું હતું કે આ જાળ ડુક્કર પકડવા બિછાવી હતી, પરંતુ તેમાં નિલગાય ફસાઈ ગઈ હતી.ભરૂચના નાયબ વન સંરક્ષક ભાવનાબેન દેસાઈ અને મદદનીશ વન સંરક્ષક વિજયભાઈ ચૌધરીના સીધા માર્ગદર્શન હેઠળ વાગરા આર.એફ.ઓ. વી.વી.ચારણ અને તેમની ટીમે બંને આરોપીઓ વિરુદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ ધારા હેઠળ ગુનો દાખલ કરી કુલ રૂપિયા ૨ લાખનો દંડ વસૂલ કર્યો છે.વન વિભાગની આ સઘન કામગીરીને પગલે ગેરકાયદેસર શિકાર કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. નિલગાયના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે.પ્રાથમિક દ્રષ્ટિએ નિલગાય જાળમાં લાંબા સમય સુધી ફસાઈ રહેવાથી ખોરાક-પાણીના અભાવે તેમજ તરફડિયા મારીને મૃત્યુ પામી હોવાનું મનાય છે.વન વિભાગ એ દિશામાં પણ તપાસ કરી રહ્યું છે કે શું તેને કોઈ ઝેરી પદાર્થ કે ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું કે કેમ? હાલ તો પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે જેના આવ્યા બાદ જ મૃત્યુનું વૈજ્ઞાનિક કારણ સ્પષ્ટ થશે. આ સમગ્ર ઘટના અંગે વાગરા આર.એફ.ઓ. વી.વી. ચારણે જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આ વિસ્તારમાં નિલગાયના શિકારની પ્રવૃત્તિ થતી હોય તેવું જણાતું નથી.તેમણે તર્ક રજૂ કર્યો હતો કે સ્થળ તપાસ દરમિયાન ત્યાં વિચરણ કરતી અન્ય નિલગાયોમાં મનુષ્યો પ્રત્યે કોઈ ભય કે ડર જોવા મળ્યો ન હતો.

# શું અમેરિકાએ દબાણ બનાવીને ભારત પર ટ્રેડ ડીલ થોપી દીધી?: ગોપાલ રાય

અમદાવાદ,

અમેરિકા સાથેના વેપાર કરારના મુદ્દે દિલ્હીના પૂર્વ કેબિનેટ મંત્રી અને આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે આજે સમગ્ર દેશમાં આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે કે ભારતની કેન્દ્ર સરકારએ અમેરિકા સાથે આ ટ્રેડ ડીલ શા માટે કરી? સરકાર કહે છે કે આથી ભારતને ફાયદો થશે. સરકાર દાવો કરી રહી છે કે અમેરિકા સાથે એવો વેપાર કરાર થયો છે, જે ન તો ઈતિહાસમાં ક્યારેય થયો છે, ન હાલમાં છે અને ન ભવિષ્યમાં થશે. સરકાર કહે છે કે નાચો, ગાવો, ઝૂમો, તાળી વગાડો, થાળી વગાડો અને મીઠાઈઓ વહેંચો, પરંતુ લોકો ખુશ નથી. આવું કેમ થઈ રહ્યું છે? આજે દેશની રાજધાની દિલ્હીથી લઈને ભારતના ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં ફેલાયેલા ગામડાંઓ સુધી લોકોના મનમાં પ્રશ્ન છે કે આખરે ભારત સરકારે અચાનક અમેરિકા સાથે આ કરાર શા માટે કર્યો? શું આ વેપાર કરારથી ભારતને ફાયદો થશે કે નુકસાન? આ કરારમાં અમેરિકાને શું ફાયદો છે? અમેરિકા આટલું ખુશ કેમ છે? લોકોના મનમાં આ પ્રશ્ન પણ છે કે શું આ કરાર સમાનતાનો છે કે પછી અમેરિકાએ આદેશ આપીને દબાણ બનાવી ભારત પર આ ટ્રેડ ડીલ લાદી છે અને આપણે મજબૂરીમાં મીઠાઈઓ વહેંચી રહ્યા છીએ?

વધુમાં AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ જણાવ્યું હતું કે, લોકોના મનમાં આ પ્રશ્ન પણ છે કે જ્યારે ભારતના માલ પર અમેરિકા ત્રણ ટકા પરથી વધારીને અઢાર ટકા સુધી ટેરિફ લગાવી રહ્યું છે, ત્યારે એ જ સમયે ભારત સરકારે અમેરિકા પરથી આવનારા માલ પર ટેરિફ શૂન્ય (ઝીરો) ટકા કરવાનો નિર્ણય કેમ લીધો? એ પણ પ્રશ્ન છે કે જો રશિયા પાસેથી ભારતને સસ્તા ભાવે તેલ મળી રહ્યું છે, તો પછી મોંઘા ભાવે અમેરિકા અને વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવા માટે ભારત સરકાર કેમ તૈયાર થઈ ગઈ? આ પણ પ્રશ્ન ઊભો થાય છે કે આ વેપાર કરારમાં આગામી પાંચ વર્ષમાં ૪૫ લાખ કરોડ રૂપિયાનો આયાત ખર્ચ નક્કી કરવામાં આવ્યો છે, પરંતુ અમેરિકા ભારત પાસેથી કેટલાનો આયાત કરશે તેનો ઉલ્લેખ કેમ નથી? આ બધા પ્રશ્નોને કારણે લોકોના મનમાં ગૂંચવણ છે. પ્રશ્નો અનેક છે, પરંતુ જવાબો નથી. આ પહેલીવાર થઈ રહ્યું છે કે ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા, લોકશાહી પરંપરાઓ સાથે આગળ વધતા, ગૌરવશાળી સંસ્કૃતિ અને સભ્યતા ધરાવતા દેશે અમેરિકા સાથે વેપાર કરાર કર્યો છે. જ્યારે લોકો પૂછે છે કે આ કરાર પછી રશિયા પાસેથી કિફાયતી ભાવે તેલ ખરીદવાનું ચાલુ રહેશે કે બંધ થઈ જશે, ત્યારે પત્રકારો જ્યારે વાણિજ્ય મંત્રીને પૂછે છે તો તેઓ કહે છે કે અમને ખબર નથી, વિદેશ મંત્રાલયને પૂછો. પત્રકારો વિદેશ મંત્રીને પૂછે છે તો તેઓ કહે છે કે અમને ખબર નથી, વાણિજ્ય મંત્રીને પૂછો. આ કરારનું નેતૃત્વ વાણિજ્ય મંત્રી કરી રહ્યા છે, છતાં તેઓ સીધા પ્રશ્નનો જવાબ કેમ આપી શકતા નથી?

વધુમાં AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ જણાવ્યું હતું કે, જે ટ્રેડ ડીલનું ફ્રેમવર્ક જાહેર કરવામાં આવ્યું છે તેમાં સ્પષ્ટ લખેલું છે કે અમેરિકાએ ધમકીભર્યા સ્વરમાં ભારતને આદેશ આપ્યો છે કે જો ભારત રશિયા સાથે તેલ ખરીદીનું સિલસિલો સીધા કે આડકતરી રીતે ચાલુ રાખશે, તો ૨૫ ટકા દંડાત્મક ટેરિફ લગાવવામાં આવશે અને તેની દેખરેખ અમેરિકા કરશે. શું હવે અમેરિકા ભારતની દેખરેખ કરશે? શું ભારતના લોકો ગુલામ બની ગયા છે? આ રીતે જ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આવીને ભારતમાં પગ જમાવ્યા હતા અને ધીમે ધીમે બ્રિટનમાં બેઠેલા વાઈસરોય ભારતનું શાસન ચલાવવા લાગ્યા હતા. ક્યાંક આવું તો નથી કે એવી નવી પરિસ્થિતિઓ ફરી સર્જાઈ રહી છે? આજે જ્યારે આપણી પાસે લોકશાહીનો મજબૂત વારસો છે, સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર છે અને વિશાળ વસ્તી ધરાવતો દેશ છે, ત્યારે જો અમેરિકા જાહેર રીતે લેખિતમાં ભારતને ધમકી આપે, ભારત પર નજર રાખવાની વાત કરે અને આપણા શાસકો બેધડક તેને સ્વીકારીને જાહેર કરે, તો આવતીકાલે શું થશે?

વધુમાં છછઁ ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ જણાવ્યું હતું કે, આ ટ્રેડ ડીલ અંગેની સૌથી મોટી ચિંતા એ છે કે ભારતની સૌથી મોટી તાકાત અને સૌથી મોટી વસ્તી જે રોજગાર માટે આધાર રાખે છે, તે કૃષિ ક્ષેત્ર છે. પહેલીવાર ભારત પોતાનું કૃષિ ક્ષેત્ર અમેરિકા માટે ખોલી રહ્યું છે. કઈ શરતો પર ખોલી રહ્યું છે? ટ્રેડ ડીલના ફ્રેમવર્કમાં, જે દસ્તાવેજો સામે આવ્યા છે, તેની પહેલી જ લાઇનમાં લખ્યું છે કે ભારત અમેરિકા ના ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદનો પર શૂન્ય કર (ઝીરો ટેક્સ) લાગુ કરશે. આનો અર્થ શું થશે? ભારત કૃષિપ્રધાન દેશ છે. અહીં કરોડો લોકોની જીંદગી ખેતી, ઉત્પાદનો અને પશુપાલન પર નિર્ભર છે. જો અમેરિકા માટે બધા દરવાજા ખોલી દેવામાં આવે, જ્યાં અમેરિકા પોતાના ખેડૂતોને કરોડો રૂપિયાની સબસિડી આપે છે, અને બીજી તરફ ભારતનો ખેડૂત ભાગ્યના સહારે સવારથી સાંજ સુધી, દિવસ-રાત પસીનો વહાવીને મુશ્કેલથી પોતાનું ગુજરાન ચલાવે છે. દીમા લગ્ન કરવા હોય તો કર્જ કરવું પડે, જમીન વેચવી પડે. ગામડાંના યુવાનો બેરોજગાર ભટકી રહ્યા છે, ગામથી શહેર તરફ ભાગી રહ્યા છે. ખેડૂતોના બાળકો પાસે રોજગાર નથી. કેટલાક કોન્ટ્રાક્ટ નોકરી કરે છે અને કેટલાક એક સ્થળથી બીજા સ્થળે ભટકતા રહે છે. આવી પરિસ્થિતિમાં જો સરકાર ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત કરી શકતી નથી, તેમના દીકરા-દીકરીઓને રોજગાર આપી શકતી નથી, તો ઓછામાં ઓછું અમેરિકાના કૃષિ ઉત્પાદનો માટે દરવાજા ખોલીને તેમને બરબાદ કરવાનો પાપ તો કેન્દ્ર સરકારે ન કરવો જોઈએ. સરકાર દલીલો આપે છે કે આ ક્ષેત્ર ખોલ્યું છે, આ ક્ષેત્ર નથી ખોલ્યું, પરંતુ હકીકતમાં લોકોની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયાસ હજુ પણ ચાલુ છે.

વધુમાં AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાયજીએ જણાવ્યું હતું કે, આ કરારમાં પહેલી જ લાઇનમાં કહેવામાં આવ્યું છે કે તમામ ઔદ્યોગિક ઉત્પાદનો અને ખેતીના ઉત્પાદનો પર ટેરિફમાં છૂટછાટ અને રોકાણ આપવામાં આવશે. અહીંથી લોકોના મનમાં શંકા ઊભી થાય છે. બીજો મોટો પ્રશ્ન તેલનો છે. જો ભારતને રશિયા પાસેથી સસ્તા દરે તેલ મળી રહ્યું છે, તો પછી આપણે મોંઘા દરે અમેરિકાથી તેલ ખરીદવા માટે દબાણ શા માટે સ્વીકારી રહ્યા છીએ? જ્યારે સસ્તુ વિકલ્પ ઉપલબ્ધ છે, ત્યારે મોંઘું કેમ? આ સવાલ ફક્ત તેલનો નથી. આ સવાલ દેશની સ્વાયત્તતા અને સ્વતંત્ર નિર્ણયશક્તિનો છે. શું ભારત હવે પોતે નિર્ણય લેવા સક્ષમ નથી? શું ભારત ડરી રહ્યું છે કે જો આજે અમેરિકાની વાત નહીં માને, તો ભવિષ્યમાં તેની કિંમત ચૂકવવી પડશે? આ પ્રશ્ન કોઈ એક નેતાનો નથી, આ પ્રશ્ન સમગ્ર દેશનો છે. આપણે સૌને ઈતિહાસ યાદ છે. જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારત આવી, ત્યારે તે પણ વેપાર કરવા જ આવી હતી. પણ ધીમે ધીમે વેપાર શાસનમાં ફેરવાયો, અને દેશ ગુલામીમાં ધકેલાઈ ગયો. ૧૭૫૭માં કંપની ભારત આવી. ૧૮૫૭માં પહેલી સ્વાતંત્ર્ય લડત શરૂ થઈ. લાખો લોકોએ જીવ ગુમાવ્યો, ઘરો બરબાદ થયા. માતાઓની ગોદ ખાલી થઈ. બહેનો વિધવા થઈ. આ બલિદાનો પછી પણ દેશને ૧૯૪૭ સુધી સ્વતંત્રતા મળી ન હતી. એક ખોટી સમજશ્રદ્ધિ, એક ખોટો કરાર, દેશને સદીભર ગુલામીમાં ધકેલી શકે છે. ઈતિહાસ એનો સાક્ષી છે. આજે કેન્દ્ર સરકાર જે રીતે અમેરિકા સાથે કરાર કરવા જઈ રહી છે, તે એક નવા પ્રકારની ગુલામીની શરૂઆત તો નથી ને? કયા દબાણ હેઠળ આ થઈ રહ્યું છે, એ અલગ ચર્ચા છે. પરંતુ આ કરાર દેશના ભવિષ્ય માટે ખતરનાક દિશામાં પહેલું પગલું બની શકે છે. હું દરેક દેશપ્રેમી નાગરિકને એટલું જ કહેવા માંગુ છું: ઠંડા દિમાગથી વિચાર કરો.જો આજે આપણે ભૂલ કરીશું, જો આજે આપણે સમર્પણ કરીને કરાર કરી લેશું, તો આવનારી પેઢીઓ આપણને માફ નહીં કરે. ઈતિહાસમાં આ ક્ષણ અમારી પેઢી માટે સૌથી મોટી ભૂલ તરીકે નોંધાશે અને તેની કિંમત આવનારી પેઢીઓને ચૂકવવી પડશે.

# AMCની અકૂશળતાથી પ્રજાના ટેક્સના પૈસાનો ખુલ્લેઆમ દુરુપયોગઃ વિજય પટેલ AAP

અમદાવાદ,

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતે અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલ, અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ અને વિદ્યાર્થી પાંખ ASAPના મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલ દ્વારા એક મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રેસ કોન્ફરન્સનું આયોજન થયું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે આપણે વાત કરીશું કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અકૂશળતાના લીધે કઈ રીતે પ્રજા પર ભાર પડી રહ્યો છે. દર વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું ૧૫ હજારથી ૧૭ હજાર કરોડનું બજેટ હોય છે. અને આ જોઈને લાગતું હશે કે અમદાવાદમાં જબરદસ્ત કામ થતા હશે. પરંતુ આવા કોઈ કામ થતા નથી કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે વહીવટી કુશળતા નથી. તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ કમિશનર માટે પાંચ વર્ષ માટે ટાટા ટીગોર નામની ગાડી ભાડે રાખવામાં આવી હતી અને એ સમયે એ ગાડીની કિંમત ૧૦ લાખ રૂપિયા હતી. તો આવી કુલ ૨૧ ગાડીઓ છસ્ઝએ ભાડે લીધી. એક ગાડીનું એક મહિનાનું ૨૧ હજાર રૂપિયાનું ભાડું હતું. તો એએમસીએ પાંચ વર્ષમાં એક ગાડી પાછળ કુલ ૧૨ લાખ ૬૦ હજારનું ભાડું ચૂકવ્યું છે. જ્યારે ગાડીની કિંમત જ ૧૦ લાખ હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે આ કોર્પોરેશનનું મૂર્ખામી ભર્યું પગલું છે.

વધુમાં AAP શહેર પ્રમુખ વિજય પટેલે જણાવ્યું હતું કે, આવી કુલ ૨૧ ગાડીઓ ભાડે લીધી હતી તો એની ગણતરી કરીએ તો ૨ કરોડ ૧૦ લાખની કિંમતની ગાડીઓનું ૨ કરોડ ૬૪ લાખ ભાડું ચૂકવ્યું છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન આવી જ રીતે પ્રજાના પૈસા વેડફશે તો જનતાએ ચૂકવેલા ટેક્સના પૈસાનું કોઈ યોગ્ય પરિણામ આવશે નહીં. આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે જનતા વધારે મુદ્દાઓ વિશે વિચાર્યા વગર એક જ તરફ વોટ આપે છે જેના કારણે જે વહીવટી કુશળતાવાળો અધિકારી યોગ્ય જગ્યાએ બેસવો જોઈએ એ બેસતો નથી. હાલ કોઈ અધિકારીઓ સરકારના કંટ્રોલમાં નથી અને એ લોકો આવા પુષ્કળ કૌભાંડો કરી રહ્યા છે. આ મુદ્દા પર આમ આદમી પાર્ટી લોકોના ઘરે ઘરે જશે અને લોકોને જાગૃત કરશે. અમે લોકોને જણાવીશું કે જનતાએ આપેલા ટેક્સના પૈસાનો કઈ રીતે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દુરુપયોગ થઈ રહ્યો છે અને પ્રજાના ટેક્સના પૈસાનો બારોબાર વહીવટ થઈ રહ્યો છે.

# વલ્લભીપુર હાઈવે પર જાનૈયાઓનું તોફાન

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર,

ભાવનગરના વલ્લભીપુર અમદાવાદ હાઈવે પર ખોડિયાર નાસ્તા હાઉસમાં જાનૈયાઓ દ્વારા તોડફોડ કરવાની ઘટના સામે આવી છે. લાઠીથી અમદાવાદ જઈ રહેલી એક જાનના જાનૈયા દ્વારા પાંજરાપોળ પાસે આવેલી નાસ્તાની દુકાનમાં તોડફોડ કરવામાં આવી હતી. જાનૈયાઓ દ્વારા આતંક મચાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી પ્રમાણે, લાઠીથી અમદાવાદ જતી જાનના જાનૈયાઓ જાનૈયાઓ વલ્લભીપુર અમદાવાદ રોડ પર આવેલી 'ખોડિયાર નાસ્તા હાઉસ' પાસે રોકાયા હતા. સામાન્ય બાબતને લઈને તકરાર થતા ઉશ્કેરાયેલા જાનૈયાઓના ટોળાએ નાસ્તાની દુકાનમાં તોડફોડ શરૂ કરી દીધી હતી. આટલેથી ન અટકતા, આક્રમક બનેલા ટોળાએ હાઈવે પર ચક્કાજામ જેવી સ્થિતિ સર્જી રોડને બાનમાં લીધો હતો. પોલીસને ઘટના અંગે જાણ થતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી. . પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને હાઈવે પર જામ થયેલા ટ્રાફિકને ક્લિયર કરાવ્યો હતો.જાનૈયાઓના આવા તોફાની વર્તનને કારણે સ્થાનિકોમાં પણ રોષ જોવા મળ્યો હતો. હાલ પોલીસ આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી છે.

# ભાજપે ભાવનગર સંગઠનની યાદી જાહેર કર્યા બાદ ભાવેશ રબારીને આવ્યો હાર્ટ એટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર,

રવિવારે મોડી સાંજે ભાવનગરમાં ભાજપના નવા સંગઠનની યાદી જાહેર કરાઈ હતી. આ જાહેરાતની થોડી જ કલાકોમાં દુખદ સમાચાર આવ્યા હતા, અને ભાજપને શહેર પ્રમુખનું નામ બદલવું પડ્યું હતું. નવા સંગઠનમાં બક્ષીપંચ મોરચાનું પ્રમુખપદ ભાવેશ રબારીને સોંપાયું હતું, પરંતુ આ જાહેરાતની થોડી ક્ષણોમાં જ તેમનું હાર્ટ એટેકથી નિધન થયું હતું. ત્યારે ભાવનગર ભાજપમાં ગમગીન માહોલ છવાઈ ગયો હતો.

ભાવનગર શહેર ભાજપ સંગઠનના નવા હોદ્દેદારોની યાદીની જાહેરાત થઈ. ભાજપ શહેર પ્રમુખ કુમાર શાહે રવિવારે મોડી સાંજે યાદી જાહેર કરી હતી. જેમાં ઉપપ્રમુખ, મહામંત્રી, યુવા, મહિલા મોરચાઓના પ્રમુખ-મહામંત્રીઓની નિમણૂંક રાઈ હતી. ભાવનગર શહેર ભાજપના નવા સંગઠન અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. પ્રદેશ ભાજપ દ્વારા ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં નવા સંગઠન માટે અગાવ ટીમોની રચના કરવામાં આવી હતી. પરંતુ ભાવનગર શહેર માટે કોઈ નિર્ણય ન લેવાતા કાર્યકરો અને પક્ષના સહયોગીઓમાં ભારે કચવાટ ફેલાયો હતો.

જે ઉત્સુકતાનો અંત આવતા શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહે મોડી સાંજે નવા હોદ્દેદારોની નિમણૂંક યાદી જાહેર કરી હતી. જેમાં ભાજપના મુખ્ય હોદ્દેદારોમાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી, ૮ મંત્રી સામેલ છે.

આ ઉપરાંત યુવા મોરચા અને મહિલા મોરચાના પ્રમુખ-મહામંત્રી, કિસાન મોરચા, બક્ષીપંચ (ઓબીસી) મોરચા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ મોરચા, લઘુમતી મોરચા સહિતના પ્રમુખ-મહામંત્રીઓની યાદી જાહેર કરાઈ છે.

ત્યારે આ જાહેરાત ભાજપ માટે દુખદ બની રહી હતી. મોડી સાંજે નવા હોદ્દેદારોની યાદી જાહેર કરાઈ હતી.

## મેચના બંદોબસ્તમાં પોલીસ વ્યસ્ત

# શાસ્ત્રીબ્રિજ પર ભારે વાહનો માટે નો એન્ટ્રી વચ્ચે નિયમોના ઉડ્યા ધજાગરા

## પોલીસની ગેરહાજરીમાં ટ્રકો અને લક્ઝરી બસો બિન્દાસ્ત પસાર થતી જોવા મળી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદના વિશાલા અને પીરાણાને જોડતો વ્યૂહાત્મક રીતે મહત્ત્વનો શાસ્ત્રીબ્રિજ આજે સોમવાર(૯ ફેબ્રુઆરી)થી સમારકામ માટે આંશિક રીતે બંધ કરવામાં આવ્યો છે. જોકે, તંત્રના જાહેરનામાના અમલીકરણના પહેલા જ દિવસે ગંભીર બેદરકારી સામે આવી છે. બ્રિજ જર્જરિત હોવા છતાં અને ભારે વાહનો પર પ્રતિબંધ હોવા છતાં, પોલીસની ગેરહાજરીમાં ટ્રકો અને લક્ઝરી બસો બિન્દાસ્ત પસાર થતી જોવા મળી હતી.

શાસ્ત્રીબ્રિજના બેરિંગ અને પેડેસ્ટલ ખરાબ થઈ જતાં તેની સુરક્ષા પર જોખમ ઊભું થયું છે. આથી તંત્ર દ્વારા આજથી આગામી ૧૧ મહિના એટલે કે ૮ જાન્યુઆરી ૨૦૨૭ સુધી બ્રિજ પર સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી છે. સુરક્ષાના કારણોસર આ સમયગાળા દરમિયાન બ્રિજ પરથી ભારે અને મધ્યમ કદના વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. માત્ર ટુ-વ્હીલર અને હળવા વાહનોને જ મંજૂરી આપવામાં આવી છે.સમારકામના પ્રથમ દિવસે જ વિશાલાથી નારોલ તરફ જતા માર્ગ પર તંત્રની નિષ્ફળતા છતી થઈ હતી. વિશાલા તરફના પોઈન્ટ પર ટ્રાફિક પોલીસની હાજરી ન હોવાને કારણે ટ્રક, આઈસર અને ખાનગી બસો જેવા ભારે વાહનો કોઈ પણ રોકટોક વગર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. નારોલથી વિશાલા તરફ આવતા ટ્રાફિકને રોકવાની કામગીરી અમલમાં હતી, પરંતુ વિશાલાથી જતો ટ્રાફિક સંપૂર્ણપણે રામભરોસે જોવા મળ્યો હતો. બ્રિજ પર પોલીસની ગેરહાજરી અંગે સ્થાનિકો સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે, આજે અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ હોવાથી મોટાભાગનો ટ્રાફિક પોલીસ સ્ટાફ (M ડિવિઝન) મેચના બંદોબસ્તમાં વ્યસ્ત છે. પોલીસ જવાનો પોઈન્ટ પર હાજર ન હોવાથી વાહનચાલકોએ જાહેરનામાનો સરેઆમ ભંગ કર્યો હતો. જર્જરિત બ્રિજ પરથી પસાર થતા આ ભારે વાહનો કોઈ મોટી હોનારતને નોતરી શકે છે તેવી ભીતિ પણ સેવાઈ રહી છે. બ્રિજની હાલત એટલી ખરાબ છે કે તેના પેડેસ્ટલ બદલવા માટે ભારે વાહનોને રોકવા અનિવાર્ય છે.


**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
દક્ષિણ પશ્ચિમ ઝોન- ઈજનેરખાતુ
ટેન્ડર નોટીસ નં :-૧૮/૨૦૨૫-૨૬

દક્ષિણ પશ્ચિમ ઝોનના રોડ, ડ્રેનેજ તથા પાણીની લાઈન ના તેમજ બિલ્ડીગના કામોની જાહેરાત.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી | તારીખ :-૦૨/૦૩/૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક |
| ટેન્ડર ડઓક્યુમેન્ટ, ટેન્ડર ફી, ઈ.એમ.ડી.અને અન્ય પુરાવા જમા કરવાની છેલ્લી | તારીખ :-૦૩/૦૩/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક |
| ટેન્ડર ખોલવાની | તારીખ :-૦૩/૦૩/૨૦૨૬ સમય ૧૭:૦૦ કલાક |

ટેન્ડરોની વિગત તથા ટેન્ડર ભરવા માટેની વેબસાઈટ :- www.tender.nprocure.com, www.amc.nprocure.com

ડે.મ્યુનિ.કમિશ્નર (દક્ષિણ પશ્ચિમ ઝોન)

### ડાયાલિસિસ કન્ઝ્યુમેબલ્સની ખરીદીમાં ગેરરીતિઓ

# આરોગ્ય વિભાગના ડેપ્યુટી સેક્રેટરી અને ઈક્વાયરી કમિટીની સરપ્રાઈઝ વિઝિટથી ફફડાટ

## ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ માટે ડાયાલિસિસ કન્ઝ્યુમેબલ્સની ખરીદીમાં મોટાપાયે ગેરરીતિઓ થઈ હોવાની ફરિયાદો થઈ હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી કિડની હોસ્પિટલ અંતર્ગત ચાલતા ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ માં મેડિકલ ઇક્વિપમેન્ટ ખરીદીનું કરોડો રૂપિયાનું કૌભાંડ હવે સામે આવી ગયું છે. કિડની વિભાગમાં શનિવારે સાંજે આરોગ્ય વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વિપુલ વસાવાની અધ્યક્ષતા બનેલી નવી ઈન્વેસ્ટિગેશન ટીમના અધિકારીઓની ટીમે કિડની હોસ્પિટલ અને ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામની ઓફિસ પર સરપ્રાઈઝ વિઝિટ કરીને અધિકારીઓ-કર્મચારીઓની પૂછપરછ કરતા ફફડાટ વ્યાપી ગયો હતો. આ સાથે તેમણે કેટલાક મહત્ત્વના દસ્તાવેજો પણ કબજે લીધા હોવાનું જાણવા મળ્યું છે.

કિડની હોસ્પિટલમાં ચાલતા ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ માટે ડાયાલિસિસ કન્ઝ્યુમેબલ્સની ખરીદીમાં મોટાપાયે ગેરરીતિઓ થઈ હોવાની ફરિયાદો થઈ હતી. આ ફરિયાદો પછી એક કમિટીએ તપાસ હાથ ધરી હતી, જેની સામે ફરિયાદ થઈ હતી કે આ તપાસ જ અપૂરતી અને અધૂરી છે. આ અંગે આરોગ્ય વિભાગના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું છે કે, ઈન્ક્વાયરી કમિટી સામેની ફરિયાદ પછી આરોગ્ય વિભાગે નવી ઈન્ક્વાયરી ટીમ બનાવી હતી.

આ અંગે ગાંધીનગર આરોગ્ય વિભાગમાં ફરિયાદ કરાઈ હતી કે, વર્ષ ૨૦૨૨થી આજદિન સુધી ચોક્કસ સપ્લાયરોને લાભ કરાવી આપવા જૂના ટેન્ડરને ચાર-ચાર વખત એક્સ્ટેન્શન અપાયું હતું. એટલું જ નહીં, નવા ટેન્ડર બહાર પાડી રહસ્યમય રીતે રદ પણ કરી દેવાયા હતા. આ રીતે ડાયાલિસિસ માટે જરૂરી ડાયાલાઈઝર બજાર ભાવ કરતાં નંગદીઠ રૂ.૯૦થી ૧૦૦ મોંઘા ભાવે ખરીદાયા હતા. આ સમગ્ર પ્રક્રિયામાં સરકારી તિજોરીને અંદાજે રૂ.૧૦થી ૧૫ કરોડનું સીધું નુકસાન થયું હતું.

ચોંકાવનારી બાબત એ છે કે, આ ગેરરીતિ બાબતે રીતસર તપાસનું નાટક કરાયું હતું, જેમાં અસલી ગુનેગારો સામે અધૂરી તપાસ કરીને નાના કર્મચારીઓને 'બલિનો બકરો' બનાવી દેવાયા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર, ૨૦૨૪માં કેગની તપાસમાં હોસ્પિટલના હાલના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી અને તત્કાલીન રેસિડેન્ટ મેડિકલ ઓફિસર સામે નિયમભંગ કરીને રૂ. ૯.૫ લાખ ભથ્થું લેવા તેમજ મેઈંટેનન્સ કોન્ટ્રાક્ટ, કેન્ટિન અને લોન્ડ્રી જેવા કોન્ટ્રાક્ટમાં ખરીદ નીતિ અનુસર્યા વિના આપી દેવાયા હોવાની હકીકત પણ બહાર આવી હતી. આ તમામ બાબતોનો ફરિયાદમાં પણ ઉલ્લેખ છે.

આ અંગે આરોગ્ય વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વિપુલ વસાવાએ કહ્યું હતું કે, 'અમે શનિવારે કિડની હોસ્પિટલ અને ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામની બિલ્ડિંગની વિઝિટ કરી હતી. જો કે, આ તપાસ કોન્ફિડેન્શિયલ હોવાથી હાલ કંઈ કહી શકાય એમ નથી.'

નોંધનીય છે કે, આ કૌભાંડના મૂળ સૂત્રધારને બચાવવાના પ્રયાસો થઈ રહ્યો હોવાનું કિડની હોસ્પિટલના સૂત્રો જણાવી રહ્યા છે.

અગાઉની તપાસની તટસ્થતા સામે સવાલ ઉઠતા મામલો ગુજરાતના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી કાર્યાલય સુધી પહોંચ્યો હતો. ત્યાર પછી જ નવી ચાર સભ્યની તપાસ કમિટી રચવાના આદેશ અપાયા હતા. આ કમિટીમાં આરોગ્ય વિભાગના બે એડિશનલ ડિરેક્ટર, એક એકાઉન્ટ ઓફિસર અને એક ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.ના પ્રોક્યોરમેન્ટ ઓફિસર સામેલ છે. હોસ્પિટલના સૂત્રો જણાવે છે કે, કેગના વાંધા, ત્રણ વાર રદ ટેન્ડર અને માર્ચ ૨૦૨૪થી સતત અપાતા એક્સ્ટેન્શને કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને સપ્લાયરો વચ્ચેની સાંઠગાંઠનો સ્પષ્ટ સંકેત મળે છે. હવે જોવાનું એ છે કે, નવી કમિટી આ દિશામાં તપાસ કરે છે કે ફરી એકવાર મોટા માથાને બચાવવાની કવાયત કરીને નાના અધિકારીઓને કઠેડામાં ઊભા કરી દેવાય છે!

# મોરબીના પાનેલીમાં યુવક પર લાકડીઓથી બેરહમીથી હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી,

મોરબી તાલુકાના પાનેલી ગામે જૂની અદાવતના કારણે ચાર શખસોએ મળીને એક ૧૮ વર્ષીય યુવક પર બેરહમીથી હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગામમાં રામાપીરના મંદિર પાસે રહેતા ૧૮ વર્ષીય વિશાલભાઈ (ઉર્ફે જેન્તીભાઈ) રાજેશભાઈ કટેશિયા ગતરોજ 'ક્રિષ્ના પાન' નામની દુકાન પાસે ઊભા હતા. એ દરમિયાન જૂની અદાવત રાખીને એ જ ગામના ચાર શખસ હાથમાં લાકડીઓ લઈને ત્યાં આવી પહોંચ્યા અને કોઈ પણ કારણ વગર વિશાલ પર હુમલો કરી તૂટી પડ્યા હતા.

વાયરલ થયેલા ઝ્ઝ્ફ ફૂટેજમાં સ્પષ્ટ જોવા મળે છે કે ચારેય આરોપીઓ લાકડીઓ સાથે દુકાનમાં પ્રવેશે છે, યુવકની બોચી પકડી તેને બહાર ખેંચી લાવે છે અને ત્યારબાદ બેરહમીથી માર મારવાનું શરૂ કરે છે. યુવક ભાગવાનો પ્રયાસ કરે ત્યારે એક આરોપી તેને કસીને પકડી રાખે છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ માત્ર ૧૬ સેકન્ડમાં ૩૬ લાકડીઓ ફટકારે છે. જમીન પર પડી જવા છતાં પણ માર મારવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું.

હુમલામાં વિશાલને માથા પર ગંભીર ઈજા થઈ છે તેમજ ડાબી બાજુની પાંસળીમાં ફ્રેક્ચર થયું હોવાનું તબીબી તપાસમાં સામે આવ્યું છે. હુમલામાં શરીરના અન્ય ભાગોમાં પણ ગંભીર મૂઢમાર વાગ્યો છે. આરોપીઓએ હુમલા દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ભોગ બનનાર યુવકે સારવાર બાદ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે નીચેના ચાર શખસો સામે ગુનો દાખલ કર્યો છે. આરોપીઓમાં તુલસી અણદાભાઈ ચાવડા, સંજય અણદાભાઈ ચાવડા, રાજદીપ તુલસીભાઈ ચાવડા અને મનીષ તુલસીભાઈ ચાવડાનો સમાવેશ થાયછે.

### સરેન્ડરની તારીખ ૨૩ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

# ચાંગોદર કેસ : દેવાયત ખવડને હાઈકોર્ટે રાહત આપી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

લોક ડાયરા કલાકાર દેવાયત ખવડને ગુજરાત હાઈકોર્ટે હંગામી રાહત આપી છે. ચાંગોદર બબાલ કેસમાં ખવડ દ્વારા કરવામાં આવેલી આગોતરા જામીન અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ૨૩ ફેબ્રુઆરી સુધી સરેન્ડર કરવાની તારીખ લંબાવી છે. જણાવી દઈએ કે ત્રણ દિવસ પહેલા થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી કે અરજદાર પ્રખ્યાત નહીં, પરંતુ કુખ્યાત છે અને માથાભારે છે. જે બાદ ૯ ફેબ્રુઆરી સુધી ધરપકડથી રક્ષણ આપવામાં આવ્યું હતું, આજે ફરી સુનાવણી થતાં હવે ૨૩ ફેબ્રુઆરી સુધી દેવાયત ખવડની ધરપકડ પર રોક (સરેન્ડર કરવાની તારીખ વધારી) લગાવી દેવામાં આવી છે.

કેસની વિગતોની વાત કરીએ તો દેવાયત ખવડ વિરુદ્ધ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં માથાકૂટની ફરિયાદ નોંધાઈ હતી, જેમાં ધરપકડ થતાં જેલમાં ધકેલાયો હતો, પરંતુ જામીન અરજી કરતાં કોર્ટ દ્વારા શરતી જામીન આપવામાં આવ્યા હતા, જેમાં મુખ્ય શરત એ હતી કે તેઓ ફરીથી આવા કોઈ કૃત્યમાં સંડોવાશે નહીં, પણ જામીન મળ્યા બાદ અદાવતમાં તાલાલામાં યુવક પર હુમલો કરવાનો આરોપ લાગ્યો હતો. જે બાદ અમદાવાદ કોર્ટે દેવાયત ખવડના શરતી જામીન રદ કરી દીધા હતા, જેથી દેવાયત ખવડ તરફથી આગોતરા જામીન માટે ગુજરાત હાઈકોર્ટના દ્વારા ખખડાવવામાં આવ્યા હતા.

હાઈકોર્ટ સમક્ષ એવી પણ રજૂઆત થઈ હતી કે, દેવાયત ખવડ સામે કુલ ૦૬ ગુના નોંધાયેલા છે. જેમાંથી ૦૩ ગુનામાં તે નિર્દોષ છૂટ્યો છે અને બે ગુનામાં સમાધાન થયું છે. જ્યારે એકમાં બાકી છે. હવે ચાંગોદર બબાલ કેસમાં ૨૩ ફેબ્રુઆરીએ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવશે નહીં.

ઉલ્લેખનીય છે કે, ચાંગોદર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બનેલા બનાવના પાંચ મહિના બાદ દેવાયત ખવડ અને સનાથલના ધ્રુવરાજસિંહ ચૌહાણ વચ્ચે સમાધાન થયુ હતું. બંનેએ એકબીજાને મીઠાઈ ખવડાવી વિવાદનો અંત લાવ્યો હતો. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ડાયરાના કાર્યક્રમમાં દેવાયત ખવડ હાજર ન રહેતા બંને વચ્ચે બબાલ શરૂ થઈ હતી. દેવાયત ખવડની કારના કાચ ફોડવામાં આવ્યા હતા. ત્યારબાદ સનાથલના ધ્રુવરાજસિંહ પર ગીરમાં ૧૨ ઓગસ્ટે હુમલો થયો હતો. ત્યારબાદ કાયદાકીય લડાઈ પણ શરૂ થઈ હતી. જો કે, ૨૮ ડિસેમ્બર બંનેએ એકબીજાને મીઠાઈ ખવડાવીને વિવાદનો અંત લાવ્યો હતો.

# એલોન મસ્કની Starlink સાથે રાજ્ય સરકારના કરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ અને ડિજિટલ ઇન્ડિયાના મહત્વકાંક્ષી સ્વપ્નને સાકાર કરવા ગુજરાત સરકારે એક ઐતિહાસિક અને આધુનિક કદમ ઉઠાવ્યું છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કની કંપની હવે ગુજરાતના ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોને ડિજિટલ દુનિયા સાથે જોડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે એલોન મસ્કની સ્પેસએક્સની પેટાકંપની સ્ટારલિંક સાથે પરસ્પર સહયોગ માટેના કરાર કર્યા છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પહેલ રાજ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક મોટો માઈલસ્ટોન સાબિત થશે. આ મહત્વપૂર્ણ સહયોગનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના એવા દુર્ગમ વિસ્તારોમાં હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પહોંચાડવાનો છે જ્યાં મોબાઈલ ટાવર નેટવર્ક ઓછું છે અથવા નથી. સ્ટારલિંક પોતાની અદ્યતન સેટેલાઈટ ટેક્નોલોજી દ્વારા છેવાડાના માનવી સુધી ઈન્ટરનેટ પહોંચાડશે.

સરકારના આયોજન મુજબ, શરૂઆતમાં નર્મદા અને દાહોદ જેવા એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અને આદિવાસી વિસ્તારો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ પાયલોટ પ્રોજેક્ટ સફળ થયા બાદ તેને અન્ય વિસ્તારોમાં વિસ્તારવામાં આવશે. સરકાર અને સ્ટારલિંક વચ્ચેના આ ગઠબંધનથી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિ આવશે. અંતરિયાળ ગામોની સરકારી શાળાઓને સ્માર્ટ કનેક્ટિવિટી થી જોડવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ આધુનિક શિક્ષણ મેળવી શકે. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને હાઈ-સ્પીડ નેટવર્કથી જોડીને ટેલિ-મેડિસિન સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. સુરક્ષાની દ્રષ્ટિએ પણ આ કરાર મહત્વનો છે. પોલીસ આઉટપોસ્ટ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ અને વન્યજીવ અભયારણ્યોમાં રિયલ ટાઈમ ડેટા માટે મજબૂત નેટવર્ક ઉભું કરાશે. ઈ-ગવર્નન્સના માધ્યમથી કોમન સર્વિસ સેન્ટર દ્વારા સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકોને ઝડપથી મળશે. ગુજરાતના જીઆઈડીસી પાર્ક્સ અને મેરિટાઈમ સેક્ટરમાં પણ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બનશે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૫માં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ સ્પેસએક્સના વાઈસ પ્રેસિડેન્ટ લોરેન ડ્રેયર સાથે બેઠક યોજી હતી. આ LoI તે બેઠકની જ ફલશ્રુતિ છે. આ પ્રોજેક્ટના અમલીકરણ અને દેખરેખ માટે સરકાર અને સ્ટારલિંકના પ્રતિનિધિઓનું એક જોઈન્ટ વર્કિંગ ગ્રુપ બનાવવામાં આવશે. આ ઐતિહાસિક કાર્યક્રમમાં સ્ટારલિંક ઈન્ડિયાના હેડ પ્રભાકર જયકુમાર અને ગુજરાત સરકાર વતી ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપે દસ્તાવેજોની આપ-લે કરી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

